પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

હર ઘર તિરંગા

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૫૧ | ૧૦ ઓગસ્ટ, ૨૦૨૨, બુધવાર; શ્રાવણ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# બિહારમાં જેડીયુ-ભાજપ ગઠબંધનમાં ભંગાણ

**બિહારમાં નીતિશે ભાજપ સાથે છેડો ફાડ્યો, મુખ્યમંત્રી પદેથી રાજીનામું : હવે મહાગઠબંધનની સરકાર બનશે : નીતિશને ટેકો આપવા મામલે આરજેડી, કોંગ્રેસ, ડાબેરી પક્ષોની બેઠક, નીતિશે બીજી વખત તેજસ્વી સાથે રાજ્યપાલને મળીને સરકાર રચવાનો દાવો કર્યો**



પટણા, તા.૯

બિહારમાં જેડીયુ અને ભાજપના ચાર વર્ષ જૂના ગઠબંધનનો આજે અંત આવી ગયો છે. પોતાના જ વિશ્વાસુના ખભે બંદૂક મૂકીને ભાજપ મોટો ખેલ ખેલી રહ્યો હોવાનો અંદેશો આવી ગયા બાદ નીતિશ કુમારે છેલ્લા કેટલાક દિવસોથી શરુ થયેલી રાજકીય હલચલ વચ્ચે આજે પક્ષના તમામ ધારાસભ્યો અને સાંસદોની બેઠક બોલાવી હતી. જેમાં જેડી(યુ) એનડીએમાંથી એક્ઝિટ કરશે તેવો નિર્ણય લેવાયો છે. બીજી તરફ, નીતિશને ટેકો આપવા માટે આરજેડી, કોંગ્રેસ અને ડાબેરી ધારાસભ્યો તૈયાર છે. નીતિશે રાજ્યપાલ સાથે મુલાકાત કરીને પોતાનું રાજીનામું પણ સોંપી દીધું છે. દરમિયાનમાં પટનામાં રાબડી દેવીના ઘરે એક મોટી બેઠક બાદ નીતિશ કુમાર ફરી રાજભવન પહોંચ્યા હતા. આ વખતે આરજેડી નેતા તેજસ્વી યાદવ પણ તેમની સાથે છે. માનવામાં આવે છે કે બંને નેતાઓ સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે. આ સાથે બિહારમાં નવી સરકારની રચનાનો રસ્તો સાફ થઈ ગયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# તાઈવાને લાઈવ-ફાયર આર્ટિલરી ડ્રિલ શરૂ કરી

**ચીન અને તાઈવાનની વચ્ચે વધતો તણાવ : ટારગેટ ફ્લેયર્સ અને તોપખાનાની ફાયરીંગની સાથે દક્ષિણી કાઉન્ટી પિંગટુંગમાં અભ્યાસ શરૂ કર્યાને તાઈવાનની પૃષ્ટી**

તાઈપેઈ, તા.૯

ચીન અને તાઈવાનની વચ્ચે તણાવ વધતો જ જઈ રહ્યો છે. ચીની લશ્કરી કવાયત બાદ તાઈવાનની સેનાએ પણ લાઈવ-ફાયર આર્ટિલરી ડ્રિલ શરૂ કરી દીધી છે. કોઈપણ સંભવિત હુમલાથી દ્વીપની રક્ષાને મુદ્દે આ ડ્રિલ કરવામાં આવી રહી છે. તાઈવાનની આઠમી સેના કોરના પ્રવક્તા લૂ વોઈ-જે એ પુષ્ટિ કરી કે ટારગેટ ફ્લેયર્સ અને તોપખાનાની ફાયરીંગની સાથે દક્ષિણી કાઉન્ટી પિંગટુંગમાં અભ્યાસ શરૂ થયો.



તાઈવાન તરફથી મંગળવારે શરૂ કરવામાં આવેલી આ ડ્રિલ ગુરુવાર સુધી જારી રહેશે. સેનાએ કહ્યુ કે આમાં સેંકડો સૈનિકોની તૈનાતી હશે અને લગભગ ૪૦ હૉવિત્જરને સામેલ કરવામાં આવશે. જોકે, લૂ એ આ વાતનો ઈનકાર કર્યો છે કે આ ડ્રિલ ચીનના સૈન્ય અભ્યાસના જવાબમાં કરવામાં આવી રહી છે. તેમનુ કહેવુ છે કે આ ડ્રિલ પહેલા જ નક્કી હતી. ચીનની સેનાએ સોમવારે કહ્યુ કે તાઈવાનની આસપાસ તેમની મોટી લશ્કરી કવાયત ચાલુ છે જ્યારે તેણે પહેલા જાહેરાત કરી હતી કે રવિવારે લાઈવ-ફાયર કવાયત સમાપ્ત થઈ જશે. ચીની સેનાના ઈસ્ટર્ન થિયેટર કમાન્ડે કહ્યુ કે તે સબમરીન વિરોધી હુમલો અને સમુદ્રી દરોડાની કવાયત કરશે.

# સરકારે સોજી, મેંદાની નિકાસ પર પ્રતિબંધ લાદ્યો

**પ્રતિબંધ ૧૪ ઓગસ્ટથી લાગુ થશે, સિસ્ટમમાં નોંધાયેલ હોય તો તેને ૧૪મી પહેલા નિકાસ માટે મોકલી શકાય છે**

નવી દિલ્હી, તા.૯

ઘઉં, ઘઉંના લોટ અને ખાંડ પર પ્રતિબંધ બાદ હવે મોદી સરકારે સ્થાનિક સ્તરે ભાવને કાબૂમાં લેવા માટે નિકાસ પર પ્રતિબંધ લાદ્યા છે. ૮મી ઓગસ્ટે સરકારે એક મહત્વનો નિર્ણય લેતા ભારતે સોજી, મેંદા અને હોલ મિલ (લોટ)ની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે. હોલમિલ આટા સામાન્ય લોટ કરતા વધુ પૌષ્ટિક હોય છે.

આ નિકાસ પ્રતિબંધ ૧૪ ઓગસ્ટથી લાગુ થશે. મેંદા અને સોજીના કન્સાઈનમેન્ટને ૮ ઓગસ્ટથી ૧૪ ઓગસ્ટ સુધી મોકલવાની મંજૂરી આપવામાં આવશે પરંતુ તેની પ્રમુખ શરત હશે કે નોટિફિકેશન આવ્યા પહેલાં જ કન્સાઈનમેન્ટ શિપ પર લોડ થયેલ હોવો જોઈએ અથવા માલ કસ્ટમને સોંપવામાં આવેલ હોય અને તે સિસ્ટમમાં નોંધાયેલ હોય તો તેને ૧૪ ઓગસ્ટ પહેલા નિકાસ માટે મોકલી શકાય છે.

આ અગાઉ સરકારે ઘઉં અને લોટની નિકાસ પર પણ પ્રતિબંધ મૂક્યો છે. અત્યારે ઘઉંની નિકાસ પર ઈન્ટર-મિનિસ્ટરીયલ કમિટીની ભલામણ પછી જ લોટની નિકાસ કરી શકાય છે. જોકે નવી પોલિસી હેઠળ લોટ, હોલમિલ આટા, સોજી અને મેંદાની નિકાસ માટે પણ સમિતિની મંજૂરી જરૂરી રહેશે.

આ મુદ્દે સરકાર દ્વારા જારી કરાયેલા પરિપત્ર મુજબ ઈન્ટર-મિનિસ્ટ્રીયલ કમિટી (આઈએમસી) દ્વારા મંજૂર કરાયેલા તમામ શિપમેન્ટની દિલ્હી, કોલકાતા, ચેન્નાઈ અને મુંબઈમાં સ્થિત એક્સપોર્ટ ઈન્સ્પેક્શન કાઉન્સિલ અથવા તેના ઈઆઈએ દ્વારા તપાસ કરાવવાની રહેશે.

સરકારે આ વર્ષે મે મહિનામાં ઘઉંની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. આ વર્ષે કાળઝાળ ગરમીના કારણે ઘઉંનું ઉત્પાદન ઓછું થયું હતું, જેના કારણે સરકારે આ નિર્ણય લેવો પડ્યો હતો.

# મહિલા સાથે ગેરવર્તણૂક કેસમાં શ્રીકાંત ત્યાગીની મેરઠથી ધરપકડ

**શ્રીકાંત ત્યાગી સતત પત્ની અને વકીલ સાથે વાત કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો : પોલીસે લોકેશનથી ઝડપી લીધો**



નોઈડા, તા.૯

નોઈડાની ગ્રાન્ડ ઓમેક્સ સોસાયટીમાં મહિલા સાથે ગેરવર્તણૂક કરનારા કથિત નેતા શ્રીકાંત ત્યાગીની પોલીસે ધરપકડ કરી લીધી છે. ત્યાગી સાથે પોલીસે ૩ લોકોની મેરઠથી ધરપકડ કરી છે. શ્રીકાંત નોઈડાની સોસાયટીમાં મહિલા સાથે ગેરવર્તણૂક મામલે ફરાર હતો. આ પહેલા નોઈડા પોલીસે ગેંગસ્ટરની કાર્યવાહી કરી તેના પર ૨૫ હજારનું ઈનામ પણ જાહેર કર્યું હતું.

મળતી માહિતી પ્રમાણે શ્રીકાંત ત્યાગી સતત પત્ની અને વકીલ સાથે વાત કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. તેના કારણે જ પોલીસને તેના લોકેશનની જાણકારી મળી હતી. ત્યારબાદ પોલીસે મેરઠથી તેની ધરપકડ કરી છે. પોલીસે મંગળવારે તેની પત્નીને બીજી વખત કસ્ટડીમાં લીધી હતી. આ અગાઉ પોલીસે શુક્રવારે પણ ત્યાગીની પત્નીને કસ્ટડીમાં લઈ ૨૪ કલાક સુધી પૂછપરછ કરી હતી.

આ પહેલા નોઈડા પોલીસે ગેંગસ્ટરની કાર્યવાહી કરી તેના પર ૨૫ હજારનું ઈનામ પણ જાહેર કર્યું હતું.

આરોપીને શોધવા માટે નોઈડા પોલીસની ૮ ટીમો ૩ રાજ્યમાં તેને શોધી રહી હતી. સોમવારે સોસાયટીમાં તેમના મકાનમાં ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું. આરોપીઓ પર દબાણ લાવવા માટે જીએસટી ટીમે ભાંગેલમાં તેની દુકાનો પર પણ દરોડા પાડ્યા હતા.

# મહારાષ્ટ્રમાં એકનાથ શિંદેની કેબિનેટનુ વિસ્તરણ

**મહારાષ્ટ્ર કેબિનેટમાં ભાજપના ૯, શિંદે જૂથના ૯ મંત્રી ઉમેરાયા**

મુંબઈ, તા.૯

મહારાષ્ટ્રમાં આજે એકનાથ શિંદેની કેબિનેટનુ વિસ્તરણ થઈ રહ્યુ છે. ૧૮ ધારાસભ્યોને મંત્રીપદના શપથ લેવડાવવામાં આવી રહ્યા છે. જેમાં ૯ મંત્રી બીજેપી અને ૯ મંત્રી એકનાથ શિંદે જૂથના છે. મહારાષ્ટ્રમાં ઉલટફેર બાદ ૩૦ જૂને એકનાથ શિંદેએ સીએમ પદ તરફથી દેવેન્દ્ર ફડણવીસે ડેપ્યુટી સીએમ પદના શપથ લીધા હતા. જોકે તે બાદ આ પહેલુ મંત્રીમંડળ વિસ્તરણ છે. સીએમ શિંદે, ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ અને એનસીપી નેતા અજીત પવાર પણ રાજભવનમાં હાજર હતા.

કેબિનેટના વિસ્તરમાં સમાવાયેલા ધારાસભ્યોમાં રાધાકૃષ્ણ વિખે પાટીલ, સુધીર મુનગંટીવાર, ચંદ્રકાંત પાટિલ, વિજયકુમાર ગાવિત, ગિરીશ મહાજન, ગુલાબરાવ પાટિલ, દાદા ભૂસે, સંજય રાઠોડ, સુરેશ ખાડે, સંદીપન ભુમરે, ઉદય સામંત, તાનાજી સાવંત, રવિન્દ્ર ચવ્હાણ, અબ્દુલ સત્તાર, દીપક કેસરકર, અતુલ સાવે, શંભૂરાજ દેસાઈ, મંગલ પ્રભાત લોઢાનો સમાવેશ થાય છે.

# હિંદુઓને લઘુમતી જાહેર કરવાનું કામ સુપ્રીમનું નથી

**લઘુમતી અંગેનો અભ્યાસ અધિકારક્ષેત્રની બહાર : સુપ્રીમ રેકોર્ડ પર અધિકૃત સામગ્રી વિના રાજ્યોમાં હિંદુઓને લઘુમતી જાહેર કરવાનો આદેશ જારી કરી શકતી નથી**

નવી દિલ્હી, તા.૯

સુપ્રીમ કોર્ટે કહ્યુ કે જે રાજ્યોમાં હિન્દુઓની સંખ્યા અન્ય સમુદાયો કરતા ઓછી છે ત્યાં તેમને લઘુમતી જાહેર કરવા કોર્ટનુ કામ નથી. લઘુમતી સ્થિતિનુ નિર્ધારણ અમુક અનુભવજન્ય પરિબળો અને આંકડા પર નિર્ભર કરે છે. જેના કારણે આ અભ્યાસ તેમના અધિકારક્ષેત્રથી બહાર છે.

જજ ઉદય યૂ લલિત અને જજ એસ રવીન્દ્ર ભટની બેન્ચ અનુસાર સુપ્રીમ કોર્ટ રેકોર્ડ પર અધિકૃત સામગ્રી વિના રાજ્યોમાં હિંદુઓને લઘુમતી જાહેર કરવાનો સામાન્ય આદેશ જારી કરી શકતી નથી. બેન્ચે અરજીકર્તા દેવકીનંદન ઠાકુર જી તરફથી રજૂ વકીલ અશ્વિની ઉપાધ્યાયને કહ્યુ, કોઈ સમુદાયને લઘુમતી જાહેર કરવાનુ કામ કોર્ટનુ નથી. જ્યાં સુધી તમે અમને અધિકારોથી વંચિત રાખવા અંગે કંઈક નક્કર ન બતાવો ત્યાં સુધી હિન્દુઓને લઘુમતી જાહેર કરવાની સામાન્ય જાહેરાત થઈ શકે નહીં.

# યુપીના મુખ્યમંત્રી યોગીને બોમ્બથી ઊડાડી દેવા ધમકી

**યુપી-૧૧૨માં વોટ્સએપ નંબર પર મેસેજ મોકલીને ધમકી**

લખનૌ, તા.૯

સીએમ યોગી આદિત્યનાથને બોમ્બથી હુમલો કરી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. આ વખતે પણ યુપી-૧૧૨માં વોટ્સએપ નંબર પર મેસેજ મોકલીને ધમકી આપવામાં આવી હતી. ધમકી આપનાર વ્યક્તિએ તેનું નામ શાહિદ જણાવ્યું હતું અને કહ્યું કે, તેને ત્રણ દિવસમાં બોમ્બથી ઉડાવી દેવામાં આવશે. આ અંગે સુશાંત ગોલ્ફ સિટી કોતવાલીમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. પોલીસ પ્રશાસન અને ગુપ્તચર એજન્સી આ મામલે તપાસ કરી રહી છે. કંટ્રોલ રૂમ યુપી-૧૧૨ના ઓપરેશન કમાન્ડર સુભાષ કુમારે એફઆઈઆર નોંધાવી છે કે, ૨ ઓગસ્ટની સાંજે ઓપરેશન ઈન્ટરનેટ મીડિયાના વોટ્સએપ નંબર પર એક મેસેજ આવ્યો હતો કે, સીએમ યોગીને ત્રણ દિવસમાં બોમ્બથી ઉડાવી દેવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# પંજાબના તરનતારનમાંથી શસ્ત્રો સાથે બે આતંકવાદીની ધરપકડ

**પંજાબમાં સ્વતંત્રતા દિવસ પહેલા ષડયંત્રનો પર્દાફાશ : બંને આતંકવાદીઓના કબ્જામાંથી દારૂગોળો, બે પિસ્ટોલ અને અડધો કિલો હેરોઈન મળી આવ્યું**

અમૃતસર, તા.૯

પંજાબમાં સ્વતંત્રતા દિવસ પહેલા મોટા ષડયંત્રનો પર્દાફાશ થયો છે. તરનતારનના પોલીસ સ્ટેશન વેરાવાલ વિસ્તારમાંથી બે આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમના કબ્જામાંથી દારૂગોળો, બે પિસ્ટોલ અને અડધો કિલો હેરોઈન મળી આવ્યું હતું. આ બંને આતંકવાદી ૧૫ ઓગષ્ટ પર મોટી ઘટનાને અંજામ આપવાની ફિરાકમાં હતા. જોકે, તે પહેલા જ તેમના ઈરાદાને નાકામ કરી દેવામાં આવે છે.

ધરપકડ કરવામાં આવેલ બંને આરોપીઓની ઓળખ ગરવિંદર સિંહ ઉર્ફે બાબા અને સંદીપ સિંહના રૂપમાં થઈ છે. આ બંને આતંકવાદીઓ સુખ ભિખારીવાલ અને હેરી ચટ્ઠાના નજીકના છે.

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાંથી તમામ ટોલ પ્લાઝા હટાવવાની સરકારની વિચારણા

**Fastagને બાયબાય : કેન્દ્ર સરકાર દેશમાંથી તમામ ટોલ પ્લાઝા હટાવી દેવાની વિચારણા કરી રહી છે, આ માટે કામ પણ ચાલી રહ્યું છે**

નવી દિલ્હી,તા.૯

કેન્દ્ર સરકાર જીપીએસ સેટેલાઈટ ટેક્નોલોજીની મદદથી ટોલ ટેક્સ વસૂલવાની તૈયારી કરી રહી છે. આ ટેકનોલોજીના કારણે ફાસ્ટેગ નાબૂદ થઈ જશે તેવું માનવામાં આવે છે. અત્યારે સેટેલાઈટના આધારે ટોલ કલેક્શન સિસ્ટમ પાયલટ પ્રોજેક્ટમાં ચાલી રહી હોવાનું જાણવા મળે છે. વર્તમાન સમયે ટોલટેક્સ ફાસ્ટેગ દ્વારા વસૂલવામાં આવે છે. ફાસ્ટેગમાં રિચાર્જ કરાવવું પડે છે અને તે કારના કાચ પર લગાવવામાં આવે છે. વાહન ટોલ પ્લાઝા પરથી પસાર થાય એટલે તરત જ પ્લાઝામાં લાગેલા રીડર ફાસ્ટેગમાંથી પૈસા કાપી લે છે. જોકે, હવે નવી સિસ્ટમમાં જીપીએસ સેટેલાઈટ ટેક્નોલોજીના આધારે ટોલ ટેક્સ વસૂલ કરવામાં આવશે. તમે જેટલી મુસાફરી કરો તેટલો જ ટોલ ટેક્સ તમારી પાસેથી લેવામાં આવશે. હાલના નિયમમાં ટોલ ટેક્સની ગણતરી માટે હાઈવેના અંતર એટલે કે સ્ટ્રેચના અંતર મુજબ થાય છે. તે સામાન્ય રીતે ૬૦ કિ.મી. હોય છે અને જો અંતર વધુ કે ઓછું હોય તો તે મુજબ કરમાં પણ ફેરફાર કરવામાં આવે છે. ૬૦ કિ.મી.ને સ્ટાન્ડર્ડ માનવામાં આવે છે. રસ્તા પર બ્રિજ, પુલ કે ઓવરબ્રિજ વગેરે હોય તો તેનો ટોલ બદલાઈ જાય છે. કેન્દ્ર સરકાર દેશમાંથી તમામ ટોલ પ્લાઝા હટાવી દેવાની વિચારણા કરી રહી છે. આ માટે કામ પણ ચાલી રહ્યું છે. નવી પદ્ધતિ અંગે નીતિન ગડકરીએ કહ્યું હતું કે, ટોલ બૂથની જગ્યાએ જીપીએસ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ લગાવવામાં આવશે. હાઈવે અથવા એક્સપ્રેસ વે પર દોડતા વાહનો પાસેથી જીપીએસ ઈમેજિંગની મદદથી ટોલ ટેક્સ લેવામાં આવશે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, જીપીએસ આધારિત ટોલટેક્સ કલેક્શનની સિસ્ટમ ઘણા યુરોપિયન દેશોમાં પહેલેથી જ અમલમાં છે અને તેની સફળતા જોતાં આ સિસ્ટમ ભારતમાં પણ લાગુ કરવામાં આવશે. નવી ટેકનોલોજીમાં વાહન જેટલું અંતર કાપશે તે મુજબ ટોલ વસૂલવામાં આવશે. આ માટે બે ટેકનોલોજી પર કામ થઈ રહ્યું છે.



જગન્નાથપુરીની પાવન ભૂમિ પર સંગીતમય

**શ્રીમદ્ ભાગવત્ કથા અને યાત્રા**



**વક્તા : પ.પૂ.શ્રી કન્હૈયાલાલજી મહારાજ**

યાત્રા પ્રારંભ : તા. ૨૫/૧૨/૨૦૨૨ યાત્રા વિરામ : તા. ०૬/०૧/૨०૨૩

કથા સાથે ચંપારણ્ય, જગન્નાથપુરી, ભૂવનેશ્વર, કોણાર્ક સૂર્યમંદિર, સાક્ષીગોપાલ, કલક્ત્તા અને ગંગાસાગરની યાત્રાનું આયોજન.

યાત્રાના ખર્ચ પેટે વ્યક્તિ દીઠ રૂા. ૧૬,૦૦૦/- નોન એ.સી. ટ્રેન ટિકીટ,

- એ.સી. ટિકીટ માટે વધારાનો ચાર્જ યાત્રિકે ચુકવવાનો રહેશે. સ્પે. રૂમ માટે પહેલાથી જાણ કરવાની રહેશે.
- તા. ૨૦/૦૮/૨૦૨૨ નો રોજ ટિકીટોનું બુકિંગ કરવાનું હોય તા. ૧૭/૦૮/૨૦૨૨ સુધીમાં રૂા. ૮,૦૦૦/- એડવાન્સ પેટે જમા કરાવી નામ રજીસ્ટર્ડ કરાવવાનું રહેશે.
- મર્યાદિત સંખ્યા લેવાની હોય વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાશે.

: વધુ વિગત માટે :

ૐકાર ગ્રાફિક્સ એન્ડ ઝેરોક્ષ, બી-૫, શાલિન કોમ્પ્લેક્ષના ભોંયરામાં, ૧૭/૨૨, બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨, ગાંધીનગર.

કનૈયાલાલ પંડ્યા - ૯૪૨૮૨ ૧૭૫૫૭, નટુભા જાડેજા - ૯૩૨૭૧ ૫૯૯૯૮, જે.સી. પટેલ - ૯૨૬૫૬ ૯૫૬૬૮, વિમળાબેન અયાચી - ૯૪૨૬૩ ૫૬૦૧૭

**મોંઢા અને ગળાના કેન્સરની નિયમિત ઓ.પી.ડી. ગાંધીનગર ખાતે!**

Zydus Hospitals Cancer Centre

13 ઓગસ્ટ, શનિવારના રોજ

**ડૉ. સુપ્રીત ભટ્ટ**

MS, M.Ch

મોંઢા અને ગળાના કેન્સર સર્જન

- 4000 થી વધુ સફળ વિવિધ કેન્સર શસ્ત્રક્રિયાના અનુભવી
- 20000 થી વધુ સંતૃષ્ટ કેન્સર દર્દીઓની સારવાર

દર મહિનાના બીજા અને ચોથા શનિવારે

લક્ષણો: ● મોંઢા અને જડબાનું કેન્સર ● જીભનું કેન્સર ● થાયરોઈડ અને પેરાથાયરોઈડની ગાંઠ ● ગળા અને સ્વરપેટીનું કેન્સર ● લાળગ્રંથિનું કેન્સર ● ચામડીનું કેન્સર

સાંજે 6.00 થી 8.00 કલાકે

માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : પાર્થ જોષી - 96010 78421

*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

ઝાયડસ કેન્સર સેન્ટર ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ-54.

*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.